## માનનીય ધારાસભ્યશ્રી બાબુસિંહ જાદવના વિધાનસભા પ્રવચનનો સૂચિત મુસદ્દો

## ઉદ્યોગ અને ખાણ વિભાગ:

માનનીય અધ્યક્ષશ્રી,

ગુજરાતની ઓળખ આપવી હોય તો એમ કહેવાય કે ગુજરાત એટલે વ્યાપાર, ગુજરાત એટલે વાણિજ્ય, ગુજરાત એટલે સાહસ, ગુજરાત એટલે ઉદ્યોગ અને ગુજરાત એટલે વિકાસ. ગુજરાતના પનોતા પુત્ર અને દેશના સર્વાધિક લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા વિકાસમંત્રને આપણે સત્યનિષ્ઠાપૂર્વક લઈને ચાલી રહ્યા છીએ. તેથી જ એક ભારત એક રાષ્ટ્રના એક સંકલ્પ સાથે આપણા ભારતે અસામાન્ય સિદ્ધિઓ હાંસલ કરી છે. મને એ કહેતા આનંદ અને ગૌરવ થાય છે કે રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયા–આરબીઆઈ એ બહાર પાડેલ બુલેટીન અનુસાર બેંકો અને નાણાકીય સંસ્થાઓ એ સૌથી વધુ વિશ્વાસ જો કોઈ રાજ્યમાં મુક્યો હોય તો તે ગુજરાત છે. રાજ્ય સરકાર દ્વારા મેમરી ચીપ્સના ઉત્પાદન માટે માઈક્રોન ટેકનોલોજી સાથે MOU કરવામાં આવેલ છે. જેમાં માઈક્રોન દ્વારા સાણંદ ખાતે રૂ. ૨૨,૫૧૬ કરોડના ખર્ચે સેમીકન્ડકટર પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવશે. આ સાથે નવસારી જીલ્લાના વાંસી બોરસી ખાતે ૧૧૪૧ એકરમાં પીએમ મિત્ર પાર્ક આકાર પામનાર છે. ગુજરાતે વિકસિત ભારત @ ૨૦૪૭ની પરિકલ્પનાને સાકાર કરવાની દિશામાં નક્કર પગલા લીધા છે. ઉદ્યોગ અને રોકાણના ક્ષેત્રમાં વાઈબ્રન્ટ ગુજરાત – ૨૦૨૪ ના સફળ આયોજન દ્વારા ગુજરાતે ઔદ્યોગિક ફલકમાં નવતર આયામો સર્જ્યા છે.

દેશ વિદેશના અનેક પ્રમુખો, રાજદ્વારીઓ, વિવિધ દેશોના પ્રતિનિધિઓ, પાર્ટનર ઓર્ગેનાઇઝેશનના પ્રતિનિધિઓ, ઉદ્યોગ જગતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ૧૦મી આવૃત્તિનું શાનદાર આયોજન સફળતાપૂર્વક પૂર્ણ થયેલ છે. અમૃત કાળની આ પ્રથમ સમિટમાં ૩૫ દેશો પાર્ટનર કન્ટ્રી તરીકે જોડાયા હતા. જેમાં યુએઈ, મોઝામ્બિક, ચેક રિપબ્લિકન અને તિમોર લેસ્ટે એમ ચાર દેશોના વડાઓ, વિયેતનામના નાયબ વડાપ્રધાન સહિત ૪૦થી વધારે મંત્રીશ્રીઓ, ૧૪૦થી વધુ દેશોના ૬૧,૦૦૦થી વધુ ડેલિગેટ્સ સહભાગી થયા હતા. આ સમિટમાં કુલ ૧,૩૧,૯૪૩ રજિસ્ટ્રેશન થયાં હતાં, જેમાં ૩૫૯૦ વિદેશી પ્રતિનિધિઓ હતા. માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે વાઈબ્રન્ટ સમિટ તથા દેશના સૌથી મોટા ટ્રેડ શૉનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વડાપ્રધાનશ્રીના હસ્તે વાઈબ્રન્ટ ગુજરાતની સ્મૃતિમાં રૂ. ૨૦નો સિક્કો, ટપાલ ટિકિટ તથા ઈ–કૉફી ટેબલ બુક લોન્ચ કરવામાં આવ્યા હતા. માનનીય નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા શરુ થયેલ વાઈબ્રન્ટ ગુજરાત સમિટ એ વિશ્વ માટે એક કેસ સ્ટડીનો વિષય બન્યો છે. આ અમૃત કાળની પ્રથમ સમિટમાં આવેલા 100થી વધુ દેશોના સાડા ત્રણ હજાર વિદેશી મહેમાનોએ આ સમીટને ગોલ્ડન ગેટ વે ફોર ધ ફ્યુચર કહ્યું છે. આ સમિટ ઐતિહાસિક છે, અનન્ય છે, અદ્વિતીય

છે. આ સમિટ નવા સપના, નવા સંકલ્પો અને નવી સિદ્ધિઓનો સુભગ સમન્વય છે. મને પૂરો વિશ્વાસ છે કે વાઈબ્રન્ટ સમિટની આ ૧૦મી આવૃત્તિ સમૃદ્ધ ભારતનું ભવિષ્ય સુનિશ્ચિત કરતો ગોલ્ડન ગેટ–વે બનીને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા વિકસિત ભારત@૨૦૪૭ને સાકાર કરશે. આ પરિણામલક્ષી આયોજનના કારણે ગુજરાત રોકાણકારોનું માનીતું સ્થળ બન્યું છે. આ વાઇબ્રન્ટ સમિટની 10મી આવૃત્તિમાં, કુલ રૂ. 26.33 લાખ કરોડના રોકાણને આકર્ષિત કરતા 41,299 પ્રોજેક્ટ્સ માટે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે, ગુજરાતે કુલ 98,540 પ્રોજેક્ટ માટે કુલ રૂ. 45 લાખ કરોડથી વધુના રોકાણ માટે એમઓયુ પર હસ્તાક્ષર કરવાની ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે.

ભારતના યશસ્વી પ્રધાનમંત્રીશ્રીના માર્ગદર્શનમાં ગુજરાતનાં યુવાનોમાં રહેલી ઉદ્યોગ સાહસિકતાને આર્થિક પીઠબળ પૂરું પાડી તેમના સપનાંઓને પાંખો આપવાનું કામ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર અભૂતપૂર્વ રીતે કરી રહી છે. આજે **આપણું ગુજરાત ‘ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ’ રેન્કિંગમાં સમગ્ર દેશમાં બીજા ક્રમે છે.**

ગુજરાત સરકાર દ્વારા સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને વેગ મળે એ માટે સૌપ્રથમ વાર સ્ટાર્ટઅપ કન્ક્લેવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૩૦૦ કરતા પણ વધારે સ્ટાર્ટઅપનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું જ્યારે ૧૫ કરતા પણ વધારે નવીનત્તમ ક્ષેત્રોને લગતા વિવિધ સ્ટાર્ટઅપનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

ગુજરાત એટલે ઉદ્યોગ સાહસિકોની ભૂમિ, સતત ચોથા વર્ષે સ્ટાર્ટઅપ રેન્કિંગમાં ગુજરાત પ્રથમ ક્રમે આવ્યું છે. અદભૂત સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમનું ઉત્તમ ઉદાહરણ એટલે ગુજરાત કે જેણે સમગ્ર વિશ્વને ૯૦૦૦ કરતાં પણ વધુ સ્ટાર્ટઅપ્સ છેલ્લાં વર્ષોમાં આપ્યાં છે.

આજે ગુજરાતનો યુવાન સબળ બને એ માટે શોધ યોજના અને યુવા સ્વાવલંબન યોજના દ્વારા એક માર્ગદર્શક પથ કંડારવામાં આવ્યો છે. સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ પોલિસી અને એપ્રેન્ટીસશીપ તાલીમો દ્વારા તેમને પગભર બનાવવાની દિશામાં આપણે નક્કર પગલાં લીધા છે. ગુજરાતે અમૃતકાળમાં અમૃત બજેટ બનાવીને વિકસિત નવભારતના નિર્માણ માટે યુવાશક્તિના વિકાસને પ્રાથમિકતા આપી છે. વડાપ્રધાનશ્રી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, તે સમયે તેમણે કરેલા અથાક પ્રયત્નોને પરિણામે અનેક રોકાણકારો ગુજરાત તરફ આકર્ષાયા છે. ગુજરાતમાં જેમ–જેમ રોકાણો આવતા રહ્યા તેમ–તેમ દરેક ક્ષેત્રે વિકાસના નવા દ્વાર ખુલતા ગયા. કોઈને રોજગારી મળી, તો કોઈને પ્રેરણા. રોકાણો અને નોલેજ શેરીંગ વધતા ગુજરાતના યુવાનોમાં ઉદ્યોગ સાહસિકતા પણ વધી છે.

ગુજરાતનો યુવાન હવે માત્ર નોકરી માંગનાર નહિ પણ નોકરી આપનાર બને તે દિશામાં પ્રયત્નો થઈ રહ્યા છે. આમ, ગુજરાત એ ઉદ્યોગ અને રોકાણના ક્ષેત્રમાં માત્ર દેશ જ નહિ આખી દુનિયામાં મૉડેલ રૂપ રાજ્ય બન્યું છે. ગુજરાતના ડાયમંડ સીટી સુરતમાં આકાર પામલે ડાયમંડ બુર્ઝ એ વિશ્વ વ્યાપારનું કેન્દ્ર બન્યું છે. ઉદ્યોગ માટેની ઈઝ ઓફ ડુઈંગ બીઝનેસની નીતિને વધુ સુગમ બનાવવા માટે અને ઉદ્યોગકારોને ઉત્તમ વાતાવરણ પૂરું પાડવામાં આવે છે. અંતે ગુજરાતની દેશના ઔદ્યોગિક રાજ્ય તરીકેની વિશેષ ઓળખ વધુ મજબુત બનશે તેવી મને શ્રદ્ધા છે.  અંતે, ગુજરાત વંદનાની પંક્તિઓ સાથે વિરામ લઉં.

ગુજરાત તને અભિનંદન
ગુજરાતીના ગૌરવથી આ ધરા બની નંદનવન, ગુજરાત તને અભિનંદન
સ્વર્ણિમ સંકલ્પો જાગ્યા છે,
જાગી છે મહાજાતિ,
અમૃત કાળના અરુણ પ્રભાતે
હરખે  હર ગુજરાતી.
દેશ અને દુનિયાને ખૂણે, વ્હેંચે કેવાં સ્પંદન
અભિનંદન, ગુજરાત તને અભિનંદન.